

# તકરાર વિનાનું જીવન

આશિષ રાયચુર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર ૨૦૦૫
સુધારેલી આવૃતિ: જાન્યુઆરી ૨૦૨૦

સંપર્ક

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicated, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી

ઓલ પીપલ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારાઆશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ,apcwo.org,પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી

ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા પ્રકાશિત પુસ્તકો નિ:શુલ્ક મેળવવા માટે કૃપા કરી apcwo.org વેબસાઈટ પર સબસ્ક્રાઈબ કરવા આપને નમ્ર વિનંતી કરવામા આવે છે.

# તકરાર વિનાનું જીવન

# સમાવિષ્ટો

1. તકરાર શું છે? ....................................................1

2. કયા કારણોસર તકરાર ઉદભવે છે?....................................................2

3. તકરારની નકારાત્મક અસરો....................................................11

4. તમારા જીવનથી તકરારને દૂર રાખવી....................................................12

5. પસ્તાવો અને પ્રાર્થના....................................................26

# 1. તકરાર શું છે?

તકરાર સર્વવ્યાપી છે—કુટુંબમાં, કામના સ્થળે, સેવામાં, મંડળીમાં અને અન્યત્ર—જે માનવીય સબંધોને કોરી ખાય છે. જીવનનો કોઈ ભાગ તકરાર નામની આ કેંસરગ્રસ્ત ચીજથી અસ્પૃશ્ય રહી શકી નથી. તો આ તકરાર ચીજ શું છે? તે લોકો માટે ભાગલાવાદી છે, ઝઘડાળું છે, ઘૃણા ઉત્પન્ન કરે છે, લાગણી દુભાવે છે, દલીલબાજી કરાવે છે, દુશ્મનાવટ અને જૂથવાદ ઊભા કરાવે છે.

ઘરોમાં, પતિ-પત્ની વચ્ચે, માતપિતા અને બાળકો વચ્ચે, ભાઈઓ-બહેનો વચ્ચે આપણે તકરાર જોઈ શકીએ છીએ- બાળકો તરીકે આપણે રમકડાં માટે અને મોટા થયા ત્યારે જમીન જાયદાદ માટે તકરર કરી હશે! આપણાં કાર્યસ્થળોએ, ટીમના સભ્યો મધ્યે કે માલિક અને કર્મચારીઓ તકરાર હોય શકે છે. બદનસીબે મંડળીઓમાં પણ ક્યારેક, એક જ સમુદાયના સભ્યો વચ્ચે તકરાર જોવા મળે છે. લોકો ભલે રવિવારે ભક્તિસભામાં “હાલેલૂયાહ” પોકારતા હોય, પરંતુ, પોતાના જ સમુદાયના અન્ય સભ્ય સાથે સુમેળ સાધી શકતા ન હોય. આ કહેવું ખરેખર દૂઃખદ છે પણ ક્યારેક પ્રભુના સેવકો મધ્યે પણ જોવા મળે છે!

## આ પુસ્તકનાં હેતુઓ:

- કઈ બાબતો તકરાર ઊભી કરે છે તે સમજવું.
- આપણાં જીવાનોમાં તકરારની નકારાત્મક અસરોનો અભ્યાસ કરવો અને,
- આપણાં જીવાનોમાંથી તકરારને કેવી રીતે દૂર રાખી શકાય તે શીખવું.

## 2. કયા કારણોસર તકરાર ઉદભવે છે?

## તિરસ્કાર

**નીતિવાચન:10:12**
**દ્વેષથી ટંટા ઊભા થાય છે; પણ પ્રીતિ સર્વ અપરાધોને ઢાંકી દે છે.**

તિરસ્કાર તકરાર ઊભી કરે છે. દાખલા તરીકે, તમારી નોકરીના સ્થળે, પ્રથમ દિવસે જ્યારે તમારી ટીમના અન્ય સભ્યો સમક્ષ તમારી ઓળખાણ કરવવામાં આવે છે ત્યારે તમે ખુશ થાવ છો. પરંતુ પછીથી તમને ખ્યાલ આવે છે કે તમારી ટીમના ફલાણા વ્યક્તિ સાથે તમારી "કેમેસ્ટ્રી" જામતી નથી-તે વ્યક્તિ સાથે મેળ બેસતો નથી. શરૂઆતમાં તમે તે વ્યક્તિ સાથે સમાધાનપૂર્વક વર્તન કરો છો પણ ધીમે ધીમે તે વ્યક્તિને નાપસંદ કરો છો. પછીથી તે વ્યક્તિ ને અવગણવાનું શરૂ કરો છો અને અંતે તે વ્યક્તિનો તિરસ્કાર કરવાનું શરૂ કરો છો. આ તિરસ્કાર કોઈક અશુભ દિવસે જ્વાળામુખીની જેમ ફાટી શકે પણ તે પહેલા સામેવાળી વ્યક્તિને ખ્યાલ નથી આવતો કે તમને તે વ્યક્તિ પસંદ નથી. બસ આ રીતે જ તમારી અને તે વ્યક્તિની વચ્ચે તકરાર ઉત્પન્ન થાય છે.

## ક્રોધ અથવા જ્વલંત ગુસ્સો

**નીતિવાચન 15:18**
**ક્રોધી માણસ ટંટો ઊભો કરે છે; પણ રીસ કરવે ધીમો માણસ કજિયો સમાવી દે છે.**

આપણ દરેકને ગુસ્સો આવી શકે છે. લાગણીઓ-જેમાં ગુસ્સો પણ સામેલ છે- જે આપણી પ્રકૃતિમાં સમાવિષ્ટ છે જેનો રીતે યોગ્ય ઉપયોગ કરવો જરૂરી છે. આપણે યોગ્ય પ્રકારની બાબતો માટે ગુસ્સે થવું જોઈએ જેમ કે પાપ, અન્યાય, અસહિષ્ણુતા વગેરે. પણ આપણા પૈકી કેટલાકમાં આ લાગણી ખૂબ જ્વલંત હોય છે જેથી કોઈ નાની સરખી બાબત કરે કે કહે તો તરત જ ભડકી ઊઠીએ છીએ. આપનો અનિયંત્રિત ક્રોધ આપણે કલ્પીએ તે કરતાં વધુ તકરાર આપણામાં ઊભી કરે છે. ક્રોધ તકરારને ઉત્તેજિત કરે છે સબંધોને ભાંગી નાખે છે.

**નીતિવાચન 29:22**
**ક્રોધી માણસ કજિયો સળગાવે છે, અને ગુસ્સાવાળો માણસ પુષ્કળ ગુના કરે છે.**

**નીતિવાચન 30:33**
**કેમ કે દૂધ વલોવ્યથી માખણ નીપજે છે, અને નાક મચડયાથી લોહી નીકળે છે; તેમ જ ક્રોધને છંછેડયાથી ટંટો ઊભો થાય છે.**

નીતિવાચન ૩૦:૩૩ને મૂળભૂત હિબ્રૂ ભાષામાં વાંચતાં: "દૂધના દબાણથી દહીં પેદા થાય છે, નાક દબાવવાથી લોહી નીકળે છે ક્રોધનું દબાણ એટલે કે તેને આપણાં ઉપર હાવી થવા દેવું તકરાર પેદા કરે છે."

## ગપસપ, ચાળીચૂગલી અને કલ્પનાશીલ વાતો

**નીતિવચન 26:20**
**બળતણ ન હોવાથી અગ્નિ હોલવાઈ જાય છે; અને કાન ભંભેરનાર ન હોય ત્યાં કજિયા સામિ જાય છે.**

કાલ્પનિક વાતો કરનાર, ગપ્પાં મારનાર, બબડાટ કરનાર કે નિંદા કરનાર તકરાર કરાવે છે. દાખલા તરીકે, બે સારા મિત્રોનો કિસ્સો જોઈએ. ધારી લો કે બે પૈકી એક મિત્ર બહારગામ રજા મનાવવા ગયેલ છે ત્યારે કોઈક ત્રાહિત વ્યક્તિ તેના બીજા મિત્ર સમક્ષ તેની નિંદા કરે છે. જ્યારે તે મિત્ર પરત આવે છે ત્યારે તે અનુભવે છે તેનો સારો મિત્ર કઇક અજુગતું વર્તન કરે છે. કોઈ કાન ભંભેરણી કરનારને કારણે આવું થયું છે. આ જ રીતે જ્યારે આપણે આપની આસપાસના લોકો વિષે કાન ભંભેરણી કરીએ છીએ ત્યારે આપણે તેમના સબંધોમાં તકરારરૂપી કડવાશના બીજ રોપીએ છીએ જે સબંધોને તોડવાનું કામ કરે છે. જેથી આપણે અન્ય લોકો વિષે શું બોલીએ છીએ તે અંગે ખૂબ જ કાળજી રાખવી જરૂરી છે.

**નીતિવચન 16:28**
**આડો માણસ ટંટો ફેલાવે છે; અને કાન ભંભેરનારો ઇષ્ટ મિત્રોમાં અંતર પાડી દે છે.**

## વિવાદાસ્પદ કે ઝઘડાળું હોવું

**નીતિવાચન 26:21**
**જેમ અંગારા કોલસાને અને અગ્નિ લાકડાને (સળગાવે છે); તેમ ટંટાખોર માણસ કજિયા સળગાવે છે.**

વિવાદાસ્પદ માણસ સાથે, આપણે કઈપણ કહીએ કે કરીએ તેને ગુસ્સો આવે છે. જાણે કશુક તેના વ્યક્તિત્વમાં હોય છે જે તેને વિવાદાસ્પદ બનાવે છે અને તેથી તકરાર કરે છે અને અન્ય લોકો સાથેના તેના સબંધો તૂટી જાય છે. આવું થવાનું કારણ એ નથી બીજા લોકો ખોટા છે, પણ એ વ્યક્તિમાં એવું કશુક ખોટું છે કે જે તેને વિવાદાસ્પદ બનાવે છે.

## અભિમાન

**નીતિવાચન 28:25**
**જે માણસ લોભી મનનો હોય છે, તે કજિયા સળગાવે છે; પણ યહોવાહ પર ભરોસો રાખનારને પુષ્ટ કરવામાં આવશે.**

ચાલો, એક દાખલો લઈએ જેમ કે એક કોન્ફરન્સ રૂમમાં કેટલાક લોકો કોઈ ખાસ પ્રકારની કામગીરી કેવી રી પર પાડવી તે અંગે ચર્ચા કરી રહ્યા છે. ધારી લો કે તમે તે જૂથમાં સામેલ છો અને તમને એવું લાગે છે તમારા જૂથની આગેવાની લેનાર વ્યક્તિ તમારી જેમ કોઈ નામાંકિત વિશ્વવિદ્યાલયમાથી સ્નાતક થયેલ નથી અને તમે નારાજગી અનુભવો છો કે તમારા બદલે તે વ્યક્તિ બધ સભ્યોને કામગીરી કેવી રીતે કરવી તે અંગેની સૂચનાઓ આપે છે. તમને તેની સત્તાને આધીન થવું અરૂચિકર લાગે છે કારણ કે તમને એવું લાગે છે કે તને તેના કરતાં વધુ સારી રીતે તે કામગીરી કરી શકો તેમ છો. આ બાબત તકરાર ઊભી કરી શકે છે. આપણે આપણાં અન્ય લોકો સાથેના સબંધોમાં તકરાર ઊભી કરીએ છીએ કારણ કે આપણું અભિમાન અન્ય લોકોના સારા વિચારોને કે તેમની આપણાથી અલગ રીતે કાર્ય કરવાની શૈલીને સ્વીકારતા આપણને અટકાવે છે કારણ કે તે માત્ર આપણી કાર્યશૈલીથી અલગ છે.

## સ્વાર્થી મહત્વકાંક્ષા

**લૂક 22:20-27**
**20 તે જ પ્રમાણે વાળુ કર્યા પછી તેણે પ્યાલો લઈને કહ્યું કે, આ પ્યાલો તમારે સારૂ વહેવડાવેલા મારા લોહીમાનો નવો કરાર છે.**
**21 પણ જુઓ, જે મને પરસ્વાધીન કરે છે તેનો હાથ મારી સાથે મેજ પર છે.**
**22 માણસનો દીકરો ઠરાવ્યા પ્રમાણે જાય છે ખરો, પણ જે તેને પરસ્વાધીન કરે છે તે માણસને અફસોસ છે!**
**23 તેઓ માહોમાહે પૂછપરછ કરવા લાગ્યા કે, આપણાંમાનો કોણ આ કામ કરવનો હશે?**
**24 આપણામાં કોણ મોટો ગણાય છે તે સબંધી પણ તેઓમાં વાદવિવાદ શરૂ થયો.**
**25 તેણે તેઓને કહ્યું કે, વિદેશીઓના રજાઓ તેમના પર ધણીપણું કરે છે; અને જેઓ તેમના અધિકાર ચલાવે છે તેઓ પરોપકારી કહેવાય છે.**
**26 પણ તમે એવા ન થાઓ; પણ તમારામાં જે મોટો હોય, તેણે નાનાં જેવુ થવું; અને જે આગેવાન હોય, તેણે સેવા કરનારના જેવા થવું.**
**27 કેમ કે આ બેમાં કયો મોટો છે, જમવા બેસનાર કે સેવા કરનાર? શું જમવા બેસનાર [મોટો] નથી? પણ હું તમારામાં સેવા કરનારના જેવો છુ.**

વધસ્તંભ્ની તૈયારીના ભાગરૂપે, શક્ય છે કે ઇસુએ પોતાના શિષ્યો સાથે ઈરાદાપૂર્વક અંતિમ ભોજન વ્યવસ્થા કરી હોય. ઇસુએ પ્રયત્ન કર્યો કે પોતાના શિષ્યોને સમજાવી શકે કે પોતે વધસ્તંભ્નું દુખ સહન કરવા અને વિદાય લેવા જઇ રહ્યા છે. પણ નોધવા જેવુ છે કે જ્યારે શિષ્યોએ સાંભળ્યુ કે ઇસુ તેમની પાસેથી વિદાય લઈ રહ્યા છે ત્યારે તેઓની ખરેખર ચિંતા શું હતી. ત્યાં શિષ્યો મધ્યે એક વિવાદ ઊભો થાય છે ઈસુના ગયા પછી આગેવાન (બોસ) કોણ બનશે! આ એ જ શિષ્યો હતા જેઓ અત્યાર સુધી હંમેશ ઇસુની સાથે હતા, ઈસુના પ્રવચનો સાભળ્યા હતા, ઈસુના શિક્ષણ અને છંટકારોના સાક્ષી હતા. આ વિવાદ શિષ્યો મધે તકરારનું કારણ બને છે.

અત્રે નોંધવું જોઈએ કે કોણ મોટું છે તે સંદર્ભે ઇસુ કેવી રીતે પ્રત્યુત્તર આપે છે. ઇસુ શિષ્યોને સમજાવે છે તેઓની સમજણ સદંતર ખોટી છે. ઇસુ તેઓને કહે છે કે તેઓ જગતની જેમ જૂએ છે અને જગતમાં તેઓની આસપાસ જે દેખાય છે તે પ્રમાણે જોવા ઇચ્છે છે. ઇસુ તેઓને કહે છે કે જગતની દ્રષ્ટિમાં જે વ્યક્તિ ઉચ્ચ સ્થાન પર તે આગેવાન છે પરંતુ ઈશ્વરની દ્રષ્ટિમાં જે વ્યક્તિ સેવક જેવો નમૂનો આપે તે આગેવાન છે. ઇસુ શિષ્યોને કહે છે કે તેઓ મધ્યે સૌથી નમ્ર અને સેવક સમાન કોણ છે તે શોધી કાઢો, કારણ કે તે વ્યક્તિ તેમનો આગેવાન થનાર છે. આ રીતે સવારથી મહત્વકાંક્ષા તકરારનું કારણ બને છે.

## ગેરસમજણ

**પ્રે. કૃ. 6:1**
**તે દિવસોમાં શિષયોની સંખ્યા વધતી જતી હતી, ત્યારે હિબ્રુઓની સામે ગ્રીક યહુદીઓએ બબડાટ કર્યો, કેમ કે રોજ વહેચણીમાં તેઓની વિધવાઓને પડતી મૂકવામાં આવતી હતી.**

યરૂશાલેમની મંડળીમાં કજિયો હતો. એની પાછળનું કારણ એ હતું કે ગ્રીક યહુદીઓ હિબ્રુઓની સામે ફરિયાદ કરતાં હતા કે તેઓની વિધવાઓને દરરોજની અનાજની વહેચણીમાં અન્યાય થતો હતો. આ ફરિયાદ તેઓ શિષ્યો સમક્ષ લાવ્યા અને તેઓને તેનું સમાધાન કરવા કહ્યું. અહી કજિયાનું કારણ એક ગેરસમજણ હતી કે ગ્રીક યહુદીઓને લાગતું હતું કે તેઓના સમુદાય તરફ યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી અને અન્યોની તરફ વધુ ધ્યાન આપવામાં આવે છે.

## વ્યક્તિત્વ તફાવતો

**પ્રે. કૃ. 15:36-41**
**36 કેટલાએક દિવસ પછી પાઉલે બર્નાબાસને કહ્યું કે, ચાલો, હવે આપણે પછ ફરીએ, અને જે જે શહેરોમાં આપણે પ્રભુની વાત પ્રગટ કરી હતી, તેમાનાં આપણાં ભાઇઓની મુલાકાત લઈને જોઈએ કે તેઓ કેમ છે.**
**37 યોહાન જે માર્ક કહેવાય છે, તેને પણ સાથે લવાની બાર્નાબાસની ઇચ્છા હતી.**
**38 પણ પાઉલે ધાર્યું કે જે આપણને પંકૂલિયામાં મૂકીને પાછો જતો રહ્યો, અને આપણી સાથે કામ કરવા આવ્યો નહિ, તેને સાથે તેડી જવો તે યોગ્ય નથી.**
**39 ત્યારે એવી તકરાર થઈ કે જેથી તેઓ એકબીજાથી વિખૂટા પડ્યા, અને બાર્નાબાસ માર્કને સાથે લઈને વહાણમાં બેસીને સૈપ્રેસ ગયો.**
**40 પણ પાઉલે સિલાસને પસંદ કર્યો, અને ભાઈઓએ તેને દેવની કૃપાને સોંપ્યા પછી તે ચાલી નીકળ્યો.**
**41 તેણે સિરિયામાં તથા કિલીકિયામાં ફરીને મંડળીઓને દ્રઢ કરી.**

**2 જો તિમોથી 4:11**
**એકલો લૂક મારી સાથે છે. માર્કને તારી સાથે તેડતો આવજે, કેમ કે સેવાને સારૂ તે મને ઉપયોગી છે.**

વ્યક્તિત્વ તફાવતો પણ તકરાર ઊભી કરે છે કારણ કે દરેક વ્યક્તિની ખાસિયતો અલગ અલગ હોય છે અને કામ કરવાની રીત પણ અલગ હોય છે. આપણે જોઈએ છીએ કે શિષ્યો વચ્ચે કજિયો છે-બાર્નાબાસ અને પાઉલ (પ્રે.કૃ. 15:36-41) તેઓની એક સાથેની પ્રથમ સેવાકીય મુસાફરીમાં, તેઓ એક યુવાન નામે જોન માર્કને તેઓની સાથે લે છે, કે જે બાર્નાબાસનો ભત્રીજો હતો. જોન માર્ક એક પ્રતિષ્ઠિત કુટુંબમથી આવતો હતો (પ્રે. કૃ. ના

પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે તેની માતા પાસે ઘણું મોટું ઘર હતું કે જ્યાં લોકો પ્રાર્થના માટે એકઠા થતાં હતા) તેના કુટુંબની પરિસ્થિતિને કારણે તે સગવડભર્યું જીવન જીવવા ટેવાયેલો હતો પણ તેને પાઉલ અને બાર્નાબાસ સાથે વહાણમાં અને ક્યારેક ગધેડા પર પણ મુસાફરી કરવી પડતી હતી. થોડા સમય પછી જોન માર્કને લાગ્યું કે આ સખત અને અઘરી સેવા કરવી તેને માટે મૂશ્કેલ છે અને તે સેવા છોડી ઘરે પરત ફર્યો. પાઉલ આ ઘટના ક્યારેય

ભૂલતો નથી. તેથી જ્યારે પાઉલ અને બાર્નાબાસ જ્યારે તેઓની બીજી સેવાકીય મુસાફરીની તૈયારી કરે છે ત્યારે બાર્નાબાસ જોન માર્કને સાથે લેવા ઇચ્છતો હતો, પણ પાઉલે ના પાડી કારણ કે તેને યાદ આવ્યું કે પ્રથમ મુસાફરી વખતે શું બન્યું હતું.

બાર્નાબાસ કરુણાશીલ અમે દયાળુ હતો અને વ્યક્તિને બીજી તક આપવામાં માણતો હતો. પણ પાઉલ એમ કરવામાં માણતો ન હતો. વ્યક્તિત્વના આ લક્ષણો કજિયાનું કારણ બને છે. પણ પાઉલ તેના પાછલા વર્ષોમાં જ્યારે તે નરમ બને છે ત્યારે તિમોથીને કહે છે, “માર્કને તારી સાથે તેડતો આવજે, કેમ કે સેવાને સારૂ તે મને ઉપયોગી છે” (2 જો તિમોથી 4:11). તે સમય દરમ્યાન જોન માર્ક પણ આત્મિક રીતે પીઢ બની ચૂક્યો હતો.

## જૂથો અને તકતીઓ

**1 લો કોરોન્થી 3:3-5**
**3 કેમ કે તમે હજી સાંસારિક છો; કેમ કે તમારામાં ઈર્ષા તથા કજિયા છે, માટે શું તમે સાંસારિક નથી, અને [સાંસારિક] માણસોની પેઠે વર્તતા નથી?**
**4 કેમ કે જ્યારે એક કહે છે કે, હું પાઉલનો છું; અને બીજો કહે છે કે, હું અપોલોસનો છું; ત્યારે તમે માણસની પેઠે બોલતા નથી?**
**5 તો અપોલોસ કોણ છે? અને પાઉલ કોણ છે? તેઓ સેવકો જ છે કે જેઓ દ્વારા તમે વિશ્વાસ કર્યો; જેમ દરેકને પ્રભુએ [દાન] આપ્યું તેમ [તેઓએ સેવા કરી].**

કોરોન્થીની મંડળીમાં જૂથવાદ હતો. એક જૂથ દાવો કરતું હતું કે તેઓ “પાઉલના” જૂથના છે તો બીજું જૂથ “અપોલોસ” જૂથમાં હોવાનો દાવો કરતું હતું. એક જ મંડળીમાં એક જૂથ પાઉલને અને બીજું જૂથ અપોલોસને ટેકો આપતું હતું. ઈશ્વરે મંડળી બાંધવા પાઉલનો ઉપયોગ કર્યો. પણ જેમ સમય વિતતો ગયો, મંડળીમાં જૂથ બનવા લાગ્યા અને પરિણામે તકરાર અને ભાગલા થવા લાગ્યા.

પાઉલે તેમણે ઠપકો આપ્યો કારણ કે તેઓ હજી જગતના લોકો જેવા હતા અને સામાન્ય માણસોની જેમ વર્તન કરતાં હતા. પાઉલે તેઓને કહ્યું કે તેઓ કેટલાક પાઉલના અને કેટલાક અપોલોસના છે એમ કહેવું યોગ્ય નથી. તેણે તેમને કહ્યું કે પાઉલ અને અપોલોસ તો માત્ર ઈશ્વરના સેવકો છે કે જેઓ દ્વારા તેઓ ઇસુ પરના વિશ્વાસમાં દાખલ થયા છે. ઈશ્વર જ સર્વોપરી છે નહીં કે પાઉલ કે અપોલોસ.

આપણે પણ, વિશ્વાસીઓના શરીર તરીકે એમ જ માનવું જોઈએ કે – મંડળી આપણી કે ફલાણાની કે બીજા કોઈ વ્યક્તિની માલિકી હોઇ શકે નહીં પણ માત્ર ઇસુની જ છે. આપણામાં એવો વિચાર ક્યારેય ન આવવો જોઈએ કે "આપણે પેલા પળકના છીએ" કે "પેલા સેવકના છીએ" કે "પેલા આગેવાનના છીએ" અને જો આવું થયું તો કજિયાને આપણી શરીરરૂપી મંડળીમાં પ્રવેશવાની તક મળી જશે. જ્યારે આપણે આસપાસની મંડળીઓ અને સંસ્થાઓમાં જોઈએ છીએ કે લોકો જ્યારે કોઈ એક વ્યક્તિ કે સેવકને ટેકો આપવાનું અને બીજાને પાડી નાખવાનું શરૂ કરે છે ત્યારે મોટે ભાગે મંડળી કે સંસ્થાનું પતન થાય છે. પાઉલ ૧લા કોરોન્થી 3:21 માં લખે છે, "તો કોઈ માણસે માણસો વિષે અભિમાન ન કરવું,..." જો આપણે બધા આપણી દ્રષ્ટિ ઈશ્વર દ્વારા નિર્મિત માણસ પર કે મંડળીના કોઈ આગેવાન પર ન રાખતા કેવળ ઇસુ તરફ રાખીએ, તો આપણે મજબૂતાઈથી વૃધ્ધિ પામીશું અને સ્થિર થઈશું તથા મંડળીરૂપી શરીર બની શકીશું. અલબત્ત મંડળીની વ્યવસ્થા મુજબ જે આગેવાનો મુકવામાં આવ્યા છે તેમનું સન્માન કરવાનું છે પણ એ વાતનું ધ્યાન રખવાનું કે આ આગેવાનો માત્ર સેવકો છે કે જેઓ દ્વારા ઈશ્વર આપણાં જીવાનોમાં કાર્ય કરે છે. જો કોઈ તમને પૂછે કે તમારી સ્થાનિક મંડળીમાં તમે કોને ટેકો આપો છો કે પસંદ કરો છો તો એવું ના કહેશો કે "પાળક કે આગેવાન" પણ એવું કહો કે "ઇસુ".

ઇસુ પર આપણા ચક્ષુઓ રાખતા, આપણે થોડું વધુ ચાલીને ઈશ્વરે આપણા માટે જે રાખી મૂક્યું છે-તેનું શરીર-તે અંતરને આવરી લઈએ, કશું જ આપણને તેનાથી અલગ ન કરી શકે. પાળકો પોતાની મંડળીઓને ભાગલા કે વિવાદ વગર અકબંધ રાખી શકે તે બાબત મને આશ્ચર્ય પમાડનાર છે. ઘણીવાર, આપણે પાળકો કે સેવકોને એવું કહેતા સાંભળીએ છીએ કે તેમની મંડળી બેઠી ત્રણ વાર તૂટી છે. અત્યાર સુધી મને એક જ પાળક એવું કહેતા જોવા મળ્યા કે તેમની મંડળીમાં કોઈ ભાગલા નથી. ઓલ પીપલ્સ ચર્ચ(મંડળી) પણ આમ જ- ઈશ્વરના તેડા મુજબ ખૂબ મોટી વૃધ્ધિ પામતી, ઘણાબધા સેવકો અને આગેવાનો સાથે મળીને સેવા કરતાં હોય, પરંતુ કોઈ પાળક, આગેવાન કે વિશ્વાસી વ્યક્તિ તરફે ન રહેતા ઇસુ તરફે હોય તેવું જોવાની મારી પ્રબળ આશા છે

**ગલાતી 5:19-21**
**19 દેહના કામ તો ખુલ્લા છે, એટ્લે વ્યભિચાર, અપવિત્રતા, લંપતપણું,**
**20 મૂર્તિપૂજા, જાદુ, વૈરભાવ, કજિયાકંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, ફૂસંપ, પક્ષાપક્ષી,**
**21 અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા એઓના જેવા [કામ]; જેમ પહેલા મે તમને ચેતવ્યા હતા તેમ હમણાં**
**પણ ચેતવું છું કે, જેઓ એવા કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ.**

**રોમન 8:8**
**જેઓ દૈહિક છે તેઓ દેવને પ્રસન્ન કરી શકતા નથી.**

## કલ્પનાશીલ વિચારો પર વિવાદ

**1 લો તિમોથી 6:3-5**
**3 જે કોઈ જુદો ઉપદેશ કરે, અને આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તના સત્ય વચનોને તથા ભક્તિભાવને અનુસરતા**
**ઉપદેશને માન્ય કરતો નથી;**
**4 તે મગરૂર તથા અજ્ઞાન છે, અને વાદવિવાદ તથા શબ્દવાદમાં મઝા મને છે; તેઓથી અદેખાઈ, વઢવાડ,**
**નિંદા તથા ખોટા વહેમ [ઉત્પન્ન થાય છે],**
**5 તેમ જ ભ્રષ્ટ મતિનાં, સત્ય જ્ઞાનરહિત અને ભક્તિભાવ કમાઈનું સાધન છે એમ માનનારાઓમાં [નિત્ય]**
**કજિયા થાય છે.**

જે ખરેખર દેવના વચનમાં નથી તેવા શબ્દો અને મંતવ્યો અંગે વાદવિવાદ અને દલીલબાજી પણ કજિયાનું એક કારણ છે. મંડળીમાં ક્યારેક લોકો ક્ષુલ્લક જ બાબતો માટે દલીલ કરે છે. દાખલા તરીકે, લોકો બાપ્તિસ્માના સંસ્કાર સમયે પાણીમાં નિમજ્જન કરતી વખતે આગળ કે પાછળ-કઈ પધ્ધતિ “સાચી” તે અંગે દલીલો કરે છે. તેઓ તો બાઈબલના ઈતિહાસકારોને ટાંકે છે કે તેઓનું બાપ્તિસ્મા કોઈ ચોક્કસ રીતથી કરવામાં આવ્યું. મને કહેવા દો કે વ્યક્તિ પાણીમાં ડૂબકી મારીને જીવિત બહાર આવે એટલે તેનું બાપ્તિસ્મા થઈ ગયું! લોકોના મંતવ્યો અંગે ઝઘડવાને બદલે, ઈશ્વરના સર્વગ્રાહી વચનો પર ધ્યાન કેન્દ્રિત કરીએ કે જે અંગે વિવાદને કોઈ કારણ નથી. કાલ્પનિક વિચારોથી તમારી જાતને અલગ કરી દો. અને ઈશ્વરના વચનોમાંથી જો કોઈ ચોક્કસ સિધ્ધાંત અંગે અસ્પષ્ટતા હોય તો તેને નજરઅંદાજ કરો અને તમારી સમજણને કાયમ રહેવા દો.

# મૂર્ખ પ્રશ્નો

**2 જો તિમોથી 2:23-25**
**23 મૂર્ખતાથી ભરેલા અને અજ્ઞાન વાદવિવાદથી વિખવાદ ઉત્પન્ન થાય છે એમ સમજીને તેઓથી દૂર રહે.**
**24 પણ પ્રભુના દાસે વિખવાદ કરવો નહિ, પણ તે સર્વ માણસો પ્રત્યે માયાળુ, શીખવવામાં બાહોશ, સહનશીલ;**
**25 ને વિરોધીઓને નમ્રતાથી સમજાવનાર હોવો જોઈએ; કદાચને દેવ તેઓને પસ્તાવો [કરવાની બુધ્ધિ] આપે, જેથી તેઓને સત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય;**

અબુધ્ધ અને મૂર્ખ સવાલોને ટાળી દો કારણ કે તે માત્ર કજિયા કરાવે છે. દાખલા તરીકે, તમે તમારા કોલેજીયન મિત્ર, જોન, ને સાક્ષી આપવા માંગો છો જે ખ્રિસ્તી છે પણ સાચા અર્થમાં વિશશી નથી. તમે તેને પૂછો છો કે તે દેવળમાં શા માટે નથી જતો? તે તરત જ તમને પ્રતિક્રિયા આપશે અને વળતો સવાલ કરશે કે તમે પેલા "નવા જન્મવાળા" છો? ધારી લો કે તે તમને પૂછે કે કાઇન અને હાબેલ લગ્ન કરવા માટે છોકરીઓ ક્યાંથી લાવ્યા હતા, તમે જે કહેવા માંગો છો તે બધુ જ તે સાંભળશે. તે મિત્રનો પ્રશ્ન તમને ચિત્ત કરી દેશે અને તમે ઈશ્વરને પૂછવા લાગશો કે તે પ્રશ્નનો ઉત્તર આપવા માટે તમને જ્ઞાન આપે. તમે તમારા મિત્રને જવાબ આપવાનું નક્કી કરીને કહો છો કે કાઇન અને હાબેલ કદાચ તેમની બહેનોને પરણ્યા હશે, અને તમારો મિત્ર તમારી હાંસી ઉડાવી શકે છે. તમે કદાચ દુખી થઈને ત્યાંથી ચાલતી પકડશો.

તેથી જ એવા સવાલો કે જે કજિયા કરાવે તેનાથી દૂર રહેવામાં ડહાપણ છે. પાઉલ ચેતવણી આપે છે ઈશ્વરના સેવકે તકરારથી દૂર જ રહેવું જોઈએ. બાઈબલના બધા જ સવાલોના જવાબો જાણવા જરૂરી નથી. આવા મૂર્ખ સવાલોના જવાબ આપવાથી ખરકહર જોન જેવા મિત્રો બીજા સવાલો પૂછશે કે જે દલીલબાજી કરાવશે અને તમારી મિત્રતામાં ભંગાણ કરાવશે. તેને બદલે એ ડહાપણભર્યું રહેશે કે તમે જોનને કહો કે તમે તેને કોઈ ઉપયોગી માહિતી આપી રહ્યાં છો કે જે તેના માટે ફાયદાકારક છે અને તેને ખ્રિસ્તના પ્રેમ વિષે કહી શકો છો.

# 3. તકરારની નકારાત્મક અસરો

**યાકુબ 3:16**
**કેમ કે જ્યાં અદેખાઈ તથા ચરસાચરસી છે, ત્યાં ધાંધળ તથા દરેક દુષ્કર્મ છે.**

## મૂંઝવણ અને દુષ્ટ કર્મોના માર્ગ ખુલ્લા કરે છે

બાઇબલ કહે છે, જ્યાં ઈર્ષા, સ્વ મહત્વકાંક્ષા અને સ્વશોધ છે થ્ય તકરાર છે. જ્યારે કોઇની સાથે આપણી તકરાર થાય છે, ત્યારે વાસ્તવમાં આપણે મૂંઝવણ અને દરેક પ્રકારના દુષ્ટ કર્મો માટે દરવાજા ખોલી દઈએ છીએ. તે દરવાજો ખોલવા અને શેતાનને અંદર આવવાનું અને પાર્ટી કરવા કહેવા જેટલું જ છે! આપણે શેતાનને આપણાં જીવનનો જાણે કે મુક્ત અધિકાર આપીએ છીએ અને કહીએ છીએ કે તે ઈચ્છે તે કરી શકે છે જેમ કે માંદગીથી આપણાં શરીરને નુકશાન કરવું, આપણાં કુટુંબમાં અને વ્યવસાયમાં મૂઝવણો પેદા કરવી, નિરાશા ઉત્પન્ન કરવી, નિષ્ફળતા લાવવી, નાણાની તંગી ઊભી કરવી વિગેરે વિગેરે. કજિયો દરેક પ્રકારની શૈતાનિક પ્રવૃતિઓ નોતરે છે.

દાખલા તરીકે, જો મંડળી તકરારને પ્રવેશવા દે છે, તો તમામ શક્યતા છે કે મંડળી ખૂબ ઝડપથી તૂટી જશે. શેતાન તે મંડળીમાં પ્રવેશવાની તક ઝડપી લે છે અને લોકો મધ્યે તમામ પ્રકારના દુષ્ટ કામો શરૂ કરી તેમને તોડવાનું કામ કરે છે. એ જ રીતે, જો લગ્નજીવનમાં તકરાર પ્રવેશ કરે તો, પતિ-પત્ની વચ્ચે સંઘર્ષ કરવી શેતાન તે કુટુંબનો વિનાશ કરે છે. આપણ દરેક કુટુંબમાં મતભેદો હોય શકે છે, પણ કેટલાક વિચારે છે કે તેમના લગ્નજીવનમાં મતબેદોને કોઈ સ્થાન નથી. મારા પત્ની, એમી, અને મારા પોતાના વિચારો હોય છે. તેથી જો અમે વિચારોના મતભેદોને નિવારી ન શકીએ તો નક્કી છે કે દુશ્મન શેતાન અમારા લગ્નજીવન તોડી નાખશે અને જીવાનોને વેરવિખેર કરી નાખશે.

તેથી, આપણે હંમેશા બીજાઓ શું કરે છે કે કહે છે તેની પરવાહ કર્યા વિના ઈશ્વરને પ્રાર્થના કરીને કજિયા વિનાનું જીવન માંગવુ જોઈએ. જો આપણે નથી ઇચ્છતા કે શેતાન આપણાં જીવનમાં પ્રવેશે, તો આપણે આપણી જાતોને આ કેંસરસમાન તકરાર નામની ચીજથી સંભાળવાની જરૂર છે.

# 4. તમારા જીવનથી તકરારને દૂર રાખવી

દરેકના જીવનમાં તકરારનું અનુભવ થાય છે! આપણ દરેકને એવી ક્ષણનો સામનો કરવો પડે છે કે કોઈકની સાથે તકરાર થાય, પરંતુ આ તકરાર ખૂબ જ ભયાનક છે અને તેથી આપણે તેને આપણાં જીવનોથી દૂર જ રાખવી જોઈએ.

**નીતિવચન 17:1**
**જે ઘર મિજબાનીઓથી ભરપૂર હોય પણ કજિયાકંકાશવાળું હોય તેના કરતાં શાંતિ સહિત રોટલીનો સૂકો ટૂકડો સારો છે.**

મિજબાનીઓ અને મોજમઝાથી ભરેલા પણ કજિયાવાળા મોટા ઘરમાં રહેવા કરતાં રોટલીના સૂકા ટૂકડા સાથે નાના ઘરમાં રહેવું સારૂ છે.

**નીતિવચન 20:3**
**કજિયાથી દૂર રહેવું એમાં માણસની આબરૂ છે, પણ દરેક મૂર્ખ ટંટો કર્યા વગર રહેતો નથી.**

તકરાર ટાળવી એ સન્માનની વાત છે, કારણ કે મૂર્ખ મૂશ્કેલીમાં મુકાય છે. ઝઘડો શરૂ કરવા માટે ખુબ જ્ઞાનની જરૂર પડતી નથી, પણ ચારિત્રવાન પુરૂષ કે ગૌરવશાળી સ્ત્રી તકરારમાં ન પડવાનું નક્કી કરે છે તે શોભાયમાન છે.

**નીતિવચન ૨૦:૩ (સંદેશ બાઇબલ)**
**ઝઘડાઓ ટાળવા તે સારા ચારિત્રની નિશાની છે, પરંતુ મૂર્ખ લોકો ઝઘડા કરવાનું પસંદ કરે છે**

તકરારથી દૂર રહેવું એ સારા ચરિત્રની નિશાની છે.

## તકરારને તક ન આપશો

**નીતિવચન 17:14**
**તકરારની શરૂઆત પાણીથી ભરેલા ડેમમાં કાણું પડવા સમાન છે, તે મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા તેને અટકાવી દો.**

દાખલા તરીકે, હળવાશની પળોમાં કોઈ મિત્રની સાથે ચર્ચા દરમ્યાન, ઘણા બધા વિષયો પર ચર્ચા કરતા હોઈએ અને કહીએ કે કયો ક્રિકેટર ઉત્તમ છે. આપણે કહ્યું હોય "સચિન" અને સામેનો મિત્ર બીજા કોઈ અનગમતું નામ આપે, અને ચર્ચા આગળ વધે. આપણને લાગે કે ચર્ચામાં "ગરમી" વધી રહી છે. સામાન્ય, સૌમ્ય વાતાવરણમાં યોગ્ય રીતે ચાલતી ચર્ચા, ચડસાચડસીભરી બની જાય છે. ખુબ જ ગંભીર વાદવિવાદનો મુદ્દો બની જાય છે! બની શકે કે તકરાર પણ થઈ જાય. આ કિસ્સામાં, જે ક્ષણે આપણને લાગે કે ચર્ચા ગરમ થઈ રહી છે, ડહાપણભર્યું એ રહેશે કે ચર્ચાને ત્યાં જ રોકી દઈએ. આપણે તરત જ વિષય બદલીને બીજા જ કોઈ મુદ્દા વિષે વાત કરવી જોઈએ. આપણે જાણી લેવું જોઈએ કે આ સ્થિતિમાથી ક્યારે બહાર નીકળી જવું જોઈએ. જ્યારે આપણે પાણી ભરેલા ડેમમાં કાણું જોઈએ ત્યારે ડેમ ફાટી જાય તે પહેલા કાણું સમારી લેવું જોઈએ. તકરારને તક ન આપીએ.

### પોતાના કામ પર જ ધ્યાન આપો

પોતાના કામ પર જ ધ્યાન આપવું ખુબ સરળ લાગે છે પણ કરવું ક્યારેક ઘણું કઠિન હોય છે. આપણે વિચારવાનું છે આપણે શું કરવાનું છે અને બીજાઓને વિચારવા દો કે તેઓએ શું કરવાનું છે. એએમ આપણે સબંધોમાં તકરારને ટાળી શકીએ છીએ.

**નીતિવચન 26:17**
**જે રસ્તે ચાલતા પારકાની ખટપટમાં પડે છે, તે કૂતરાના કાન પકડનારના જેવો છે.**

ભારતમાં શહેરોની ગલીઓમાં ઘણીવાર, આપણે રોડ પર બે વ્યક્તિઓને ઝઘડતા જોતાં હોઈએ છીએ પણ તેઓના ઝઘડાનું કારણ જાણતા નથી હોતા. દાખલા તરીકે કોઈકવાર આપણે જતાં હોઈએ અને આમ જ કોઈ બે વ્યક્તિઓને ઝઘડતા જોયા. રસ્તા પર ઝઘડતા બે વ્યક્તિઓ આપણાં માટે તદ્દન અજાણ્યા હોવા છત્તા જાણે "મુખ્ય ન્યાયાધીશ" હોઈએ તેમ આપણે બંનેના ઝઘડાનું કારણ પૂછીએ છીએ. કશું સમજ્યા કે જાણ્યા વિના બાંયો ચઢાવીને

અજાણ્યા ઝઘડામાં સામેલ થઈ જઈએ છીએ. પછી વિચારીએ છીએ કે શા માટે આ આફતમાં

પડ્યા. આને કહેવાય બિંજરૂરી આફત વહોરી. બાઇબલ ચેતવણી આપતા કહે છે “અજાણ્યા ઝઘડામાં” પડવું કૂતરાના કાન પકડવા સમાન  છે.

“કોઈ માણસે તારું નુકશાન કર્યું ન હોય, તો વિનાકારણ તેની સાથે તકરાર ન કર” (નીતિવચન 3:30) —આ સામાન્ય સમજણ છે અને નીતિવાચનોમાં લખવામાં આવેલ છે.—એના જેવુ છે કે બે વ્યક્તિઓ રસ્તા પર ઝઘડતી હતી કે જેમણે આપણું કોઈ નુકશાન કર્યું નથી પણ વિનાકારણ આપણે તેમનો ન્યાય કરવા ધાર્યું. પણ આ કિસ્સામાં એ ડહાપણભર્યું કામ એવું થઈ શક્યું હોત કે આપણે પોલીસને જાણ કરી તેમને મદદ કરી શક્યા હોત. કોઈ અન્યના ઝઘડામાં માથું ન મારવું એ શાણપણભર્યું છે. આપણે આપણાં કામ પ્રત્યે જ ધ્યાન આપવું જોઈએ અને જે બાબત આપની નથી તેમાં ન પડવું જોઈએ!

## તમારા હેતુઓ જુઓ

ઘણીવાર આપણાં હેતુઓ ખોટા હોય શકે છે. જ્યારે આપણાં હેતુઓ કજિયાથી પ્રેરિત હોય ત્યારે આપણે મૂશ્કેલીનો સામનો કરવો પડે છે.

ફિલિપિ 2:3
**પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કઈ ન કરો, દરેકે નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા.**

કજિયાથી પ્રેરિત હોય તેવું કશું આપણે ન કરવું જોઈએ. દાખલા તરીકે, કોઈના પત્રથી આપણે દુખી થયા હોઈએ, તો તરત જ તેનો જવાબ આપવાનું ટાળવું જોઈએ. જો એમ કરીશું, તો તકરારને આપણાં જીવનમાં મોકળું મેદાન મળી જશે.

યાકુબ 4:1-2
**1 તમારામાં લડાઈ તથા ઝઘડા ક્યાથી થાય છે? શું તમારા અવયવોમાની લડાઈ કરનારી દુર્વાસનાથી નહિ? 2 તમે કૂઈચ્છા રાખો છો, પણ તે તૃપ્ત થતી નથી; તમે હત્યા કરો છો; અને લોભ રાખો છો, પણ કઈ મેળવી શકતા નથી; તમે લડાઈટંટો કરો છો; પણ તમારી પાસે કઈ નથી, કેમ કે તમે માંગતા નથી.**

જ્યારે આપણે ખોટા ઈરાદાઓ અને ખોટા હેતુઓથી ખોટી બાબતો કરીએ છીએ ત્યારે આપણામાં યુદ્ધો અને લડાઇઓ થાય છે. જેથી આપણે હમેશા આપણાં ઈરાદાઓની કાળજી

લેવી જોઈએ. જો આપનો ઇરાદો કોઇની સાથે બદલો લેવા અંગે છે, તો તે કજિયા પ્રેરિત છે અને તે ટાળવું જોઈએ.

## તમારા શબ્દોની કાળજી રાખો

આપણે આપણાં શબ્દો અંગે કાળજી રાખવાની જરૂર છે.

**નીતિવચન 18:6**
**મૂર્ખના હોઠ કજિયા કરાવે છે, અને તેનું મોં ફટકા માંગે છે.**

મૂર્ખતાભર્યા શબ્દો આપણને તકરારમાં લઈ જાય છે અને તે માટે આપણે ભારે કિંમત ચૂકવવી પડે છે. મૂર્ખતાભર્યા શબ્દો લોકોને દલીલો કરાવે છે અને તેથી આપણાં બોલાતા શબ્દો અંગે કાળજી રાખવાની જરૂર છે.

**નીતિવચન 22:10**
**તિરસ્કાર કરનારને દૂર કર, એટલે કજિયો સમી જશે, હા, તકરાર તથા લાંછનનો અંત આવશે.**

હાંસી ઉડાવનાર એ વ્યક્તિ છે જે ટીકાત્મક શબ્દો સિવાય કઈ બોલતો નથી. કોઈ આસાનીથી તેની વાતોમાં આવી જાય છે. દાખલા તરીકે, ધારી લો કે તમે કોઈ નવી જગ્યાએ કામે લાગ્યા છો જ્યાં તમારી ઓળખાણ કોઈ એવા વ્યક્તિ સાથે થાય છે કે 25 વર્ષોથી ત્યાં કામ કરે છે જેથી તેની સરાહના થવી જોઈએ. તે કહે છે કે પોતે ખૂબ જ જૂનો અને અનુભવી છે અને તે કંપની વિષે બધુ જ જાણે છે. પછી તે વ્યક્તિ ત્યાં બનતી બધી નકારાત્મક વાતો કરવાનું શરૂ કરે છે. એવું લાગે કે જાણે એની પાસે તમને સારું કે હાકારાત્મક કહેવા જેવુ કઈ છે જ નહિ. કંપનીમાં કામ કરતાં બધા જ લોકો વિષે અને અસંખ્ય ફરિયાદો સાંભળ્યા પછી તમને આશ્ચર્ય થશે કે શા માટે આ વ્યક્તિ 25 વર્ષોથી અહી કામ કરે છે. બાઇબલ કહે છે કે આવો વ્યક્તિ કજિયાખોર છે અને તેને તગેડી મૂકવો જોઈએ. જેથી તિરસ્કાર અને કજિયાનો અંત લાવી શકાય.

આપણાં શબ્દો ક્યારેક આપણાં માટે મૂશ્કેલી લાવે છે. જેથી આપણે આપણાં દ્વારા બોલાતા

શબ્દો અંગે કાળજી લેવી જોઈએ. ક્યારેક ખૂબ હળવી શૈલીમાં કહેલી નાની સરખી વાત પણ

કજિયો કરાવી શકે છે. આપણાં કોઈ મિત્રના વાળના રંગ અંગે કરેલી મજાક તેને અપમાનિત અને શર્મિંદો કરી શકે છે. તેણે વાળના એ રંગ અંગે ખૂબ જ નાણાં ખર્ચ્યાં હોય તેવું બને જેથી આપણાં સબડોથી તેનું અપમાન થઈ શકે છે. ક્યારેક મિત્રતા તૂટી શકે છે. જેથી આપણે બોલતા પહેલા કાળજી લેવી જોઈએ જેથી મૂશ્કેલીમાં ન પડાય. નાની સરખી બાબતની લીધેલી કાળજી આપણને મોટા કજિયાથી બચાવી શકે છે!

## તમારા ગુસ્સા પર કાબૂ રાખો

**નીતિવચન 15:18**
**ક્રોધી માણસ ટંટો ઊભો કરે છે, પણ રીસ કરવે ધીમો માણસ કજિયો સમાવી દે છે.**

એક ક્રોધિત માણસ-એક ગુસ્સાવાળો માણસ-કજિયો કરાવે છે! પણ જે રીસ કરવે ધીમો છે તે કજિયો સમાવી દે છે! 12 વર્ષની વયે, જ્યારે મારૂ તારણ થયું, હું મારા ખ્રિસ્તી વિશ્વાસમાં વૃદ્ધિ પામતો હતો, ત્યારે "અનિયંત્રિત" ગુસ્સાને કારણે એક ખૂબ જ ગંભીર પ્રશ્ન થયો! એક દિવસ, શાળામાં હું, મને ગમતી,  ફૂટબોલની રમત રમી રહ્યો હતો, એક છોકરાએ મને ભગાડયો. હું ખૂબ જ ગુસ્સે થઇ ગયો, પાછો ફર્યો, એ કોણ છે તે જોવાની પણ પરવા કર્યા વિના, જોરથી તેની પીઠ પર વાર કર્યો. થોડીવાર પછી મને ખ્યાલ આવ્યો કે તે છોકરો પણ વિશ્વાસી હતો અને મારા જ પ્રાર્થના સમૂહનો સભ્ય હતો! તેની સાથેની મિત્રતાનો તે દિવસે અંત આવી ગયો. અમે બંને મિત્રો વિશ્વાસીઓ હતા પણ બંનેએ ગુસ્સા પરનો કાબૂ ગુમાવ્યો. મે મારા ગુસ્સા પર કાબૂ ગુમાવ્યો અને મારા મિત્રને એ હદે નુકશાન કર્યું કે તે ક્યારેય ભૂલી શકશે નહિ. પછીના દિવસો દરમ્યાન તે અંગે હું ખુબ પસ્તાયો. ઈશ્વરની સાથે ચાલવાની મારી યાત્રામાં તે મિત્ર મને ઘણી મદદ કરી શક્યો હોટ પણ મારા અનિયંત્રિત ગુસ્સાને કારણે મે તેની મિત્રતા ગુમાવી.

**નીતિવચન 16:32**
**જે ક્રોધ કરવે ધીમો તે પરાક્રમી કરતાં સારો છે, અને જે પોતાના મિજાજને કાબુમાં રાખે છે તે શહેર જીતનારના કરતાં ઉત્તમ છે.**

જો આપણે આપણાં ગુસ્સા પર કાબૂ મેળવી શકીએ છીએ તો આપણે આર્નોલ્ડ સ્વાર્ઝ્નેગર કરતાં સારા છીએ! તેના કરતાં આપની પાસે વધુ શક્તિ છે કારણ કે બાઇબલ કહે છે કે જો આપણે ક્રોધ કરવે ધીમા છીએ, તો આપણે શક્તિશાળી કરતાં સારા છીએ! અને જે પોતાના

મિજાજને કાબુમાં રાખે છે તે શહેર જીતનારના કરતા સારો છે! હું મારી જાતને જ કહું છું કે જો હું મારો ક્રોધ કાબુમાં કરી શકું છું તો હું શક્તિશાળી અને શહેર જીતનારના કરતાં સારો છું. હું નીતિવચન 16:32 ને વારંવાર યાદ કરું છું કે જેથી હું ગુસ્સાને કાબુમાં રાખીને શાંત રહી શકું. જેથી તમે અને હું, જો આપણે આપણાં ક્રોધને કાબુમાં રાખી શકીએ, તો આપણે કજિયાને આપણાં જીવનમાથી દૂર રાખી શકીશું.

નીતિવચન 25:8
દાવામાં જલ્દી ઉતારી ન પડ, રખે ને તારો પ્રતિવાદી તને ઝંખવાણો પાડે, ત્યારે શું કરવું તે તને સૂઝે નહિ.

## અપમાનને અવગણવાની ક્ષમતા વિકસાવો.

**નીતિવચન 12:16**
**મૂર્ખનો ક્રોધ તરત માલૂમ પડી આવે છે; પણ ડાહ્યો માણસ ફજેતીને ઢાંકે છે.**

મૂર્ખનો ક્રોધ તરત માલૂમ પડે છે. જો તે અપમાનિત થાય તો તરત જ સામે બદલો લે છે! તે વિચાર કરવા થોડો સમય રાહ નહિ જુએ. પણ સમજદાર માણસ એ છે જે અપમાનને ઢાંકી દે છે. તે સામે બદલો નહિ વળે પણ તેને ભૂલી જશે! અપમાનને અવગણવાની ક્ષમતા વિકસાવો. જયા સુધી આપણે નકારાત્મક રીતે વર્તતા નથી ત્યાં સુધી અપમાન આપણી જાતને બદલી શકતું નથી. એ માત્ર લોકોના વિચારો છે. જો આપણે સમજીએ કે ખ્રિસ્તમાં આપણે કોણ છીએ તે જ આપની સાચી ઓળખ છે, ત્યારે કોઈ અન્ય આપણું અપમાન કરે તો પણ કોઈ ફરક પડતો નથી.

1 લો પીતર 2:23
**તેણે નિંદા સહન કરીને સામી નિંદા કરી નહિ; દુખો સહન કરીને ધમકી આપી નહિ; પણ અદલ ન્યાય કરનારને પોતે સોંપી દીધો.**

જ્યારે ઇસુ અપમાનિત થયા, ત્યારે તેમણે બદલો વાળ્યો નહિ, અને તેથી આપણે તેમનો નમૂનો અનુસરવાનો છે. આપણે અપમાનને અવગણવું જ રહ્યું જેમ કે બટકની પીઠ પરથી પાણી પસાર થઈ જાય છે. ત્યારે જ આપણે આપણાં ક્રોધને નિયંત્રણમાં રાખી શકીશું અને અકળાઈશું નહિ.

## નમ્રતાથી પ્રત્યુત્તર આપવાની ક્ષમતા વિકસાવો.

**નીતિવાચન 15:1**
**નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે; પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે.**

દાખલા તરીકે, જ્યારે કોઈ ઝઘડો કરવાના આશયથી તમારી પાસે આવે, અને તમને લાગે કે તેના મોઢમાથી આગ ઝરે છે, તેના શબ્દો રાતાચોળ જેવા છે, અને તમારી ઉપર તૂટી પડવાની તૈયારીમાં છે, માત્ર શાંત રહો. કારણ કે તમે જ્યારે તેને નમ્રતાથી જવાબ આપો છો, તમે તમારી જાતને તકરારથી દૂર રાખો છો. નમ્ર પ્રત્યુત્તર સાચે જ ક્રોધને સમાવી દે છે! પણ મોટેભાગે આપણે બધા વિરુદ્ધ રીતે જ વર્તીએ છીએ. મતભેદથી પ્રેરીત આપણે, સામેના વ્યક્તિને પાડી નાખવા પ્રયત્ન કરીએ છીએ-મોટેથી અને તીવ્રતાથી-અને આ બાબતથી સમગ્ર પરિસ્થિતિ વણસી જાય છે. તેથી જ બાઇબલ કહે છે નમ્ર પ્રત્યુત્તર ક્રોધને સમાવી દે છે. જો સામેની વ્યક્તિ ગુસ્સામાં હોય તો પણ, આપણે નમ્રતાથી પ્રત્યુત્તર આપવાનું પસંદ કરવું જોઈએ.

**2 જો તિમોથી 2:24**
**પણ પ્રભુના દાસે વિખવાદ કરવો નહિ, પણ તે સર્વ માણસો પ્રત્યે માયાળું, શીખવવામાં બાહોશ, સહનશીલ.**

બાઇબલ પણ આપણને સૂચના આપે છે કે પ્રભુના દસ તરીકે, આપણે ઝઘડો કરવો જોઈએ નહિ, પણ બધા લોકો પ્રત્યે નમ્ર, શીખવવામાં બાહોશ અને સહનશીલ બનવું જોઈએ. કજિયો થઈ શકે તેવી પરિસ્થિતી લાગે તો હંમેશા કોમળ અને પમરા પ્રત્યુત્તર આપવો જોઈએ. જેથી

ઘણીવાર પરિસ્થિતી શાંત બની જાય છે અને તકરારને આપણાં જીવનમાથી દૂર રાખી શકીએ છીએ.

## ઉદારતા

ઉદાર બનવાની ક્ષમતા વિકસાવવી જરૂરી છે. ઘણીવાર આપણે ખોટી બાબતો માટે ખૂબ હઠીલા બની જઈએ છીએ – એવી બાબતો કે જે અર્થહીન હોય છે – અને આપણું હઠીલાપણું આપણાં જીવનોમાં તકરાર કરાવે છે! ઇબ્રાહિમ અને લોતનું ઉદાહરણ જ લઈ લો (ઉત્પતિ

13:1-18):

લોત ઇબ્રાહિમનો ભત્રીજો હતો. ઈશ્વર ઇબ્રાહીમને જે ભૂમિ આપવા માંગતા હતા તે તરફની મુસાફરી દરિમયાન, ઇબ્રાહિમ અને લોત પાસે પુષ્કળ માત્રામાં ઢોરઢાંક અને ચાકરો હતા. અને ઘણીવાર તેમના ચાકરો માંહોમાંહે ઝઘડતા હતા. આખી મુસાફરી દરમ્યાન તેઓ મધ્યે પુષ્કળ તકરાર થતી હતી! શું બની રહ્યું હતું તેનો ઇબ્રાહિમને ખ્યાલ આવી ગયો અને તેણે લોતને કહ્યું કે આ રીતે ચાલે તે યોગ્ય નથી તેથી ઇબ્રાહિમે લોતને કહ્યું કે આ દેશની જે ગમ તરફ તે ઇચ્છે તે તરફનો હિસ્સો લઈ શકે છે અને પોતે તેની સામેનો હિસ્સો લેશે. ઇબ્રાહિમે લોત પ્રતિ ઉદારતા બતાવી અને જે ભૂમિ તેને જોઈતી હોય તે લેવા માટે કહ્યું!

લોતે આસપાસ નજર દોડાવી, સદોમ અને ગામોરાહના અદભૂત સપાટ મેદાનો જોયા અને ત્યાં જવાનું પસંદ કર્યું કારણ કે તે ફળદ્રુપ જમીન હતી. તેણે પોતાના ઢોરઢાંક અને ચાકરો લીધાં, અને સદોમ અને ગામોરાહ તરફ ગયો. લોતથી વિખૂટા પડ્યા પછી, ઈશ્વરે ઇબ્રાહિમને કહ્યું કે ઊઠ અને આખી ભૂમિ પર ચાલ. ઈશ્વરે ઇબ્રાહિમને કહ્યું કે જે જે ભૂમિ પર તારા પગલાં પડ્યાં છે તે સઘળી ભૂમિ તે તેને આપશે. અને તે સમયથી, તેના ઢોરઢાંક પુષ્કળ માત્રામાં વૃદ્ધિ પામ્યાં. ઇબ્રાહિમના ચાકરે પણ સાક્ષી પૂરી કે ઈશ્વરે સાચે જ તેના માલિકને આશીર્વાદ આપ્યો છે. બીજી તરફ લોત કે જે સદોમ અને ગામોરાહ તરફ ગયો હતો, જેણે સઘળું ગુમાવી દીધું અને પહેરેલા લૂગડે પોતાનો જીવ બચાવવા ત્યાથી ભાગવું પડ્યું! અત્રે યાદ રાખીએ કે ઇબ્રાહિમે ઉદારતા બતાવી હતી!

તેથી આપણે જતું કરવાનું પણ શીખવાનું છે! દાખલા તરીકે, કોઈ કૌટુંબિક મિલકત માટે વિવાદ હોય, અને તમને મળવા જોઈતા તમારા હિસ્સા કરતાં ઓછું આપવામાં આવે, તો ઉદારતા બતાવો અને જે આપવામાં આવ્યું છે તે સ્વીકારી લો. તમે હઠીલા બનીને ઝઘડી શકો છો, અને તકરારને તમારો "સાથી" બનાવીને તમને મળવાપાત્ર મિલકતનો હિસ્સો લઈને રહો છો કે તકરારને તમારાથી દૂર રાખીને ઉદારતા બતાવો છો! આમ કરવાથી, ઈશ્વરના આશીર્વાદો તમારા જીવનમાં આવશે!

જ્યારે આપણે તકરારને સાથી બનાવીએ છીએ, સ્વર્ગના દરવાજા આપણે માટે બંધ થઈ જાય છે. કોઈ આશીર્વાદ મળતો નથી. તેને બદલે જો આપણે તકરારને આપણાં આંગણથી દૂર રાખીએ, ઈશ્વર તેના આશીર્વાદો આપણી ઉપર રેડી દેશે. ઇબ્રાહિમ સાથે એવું જ તો થયું. જે

દિવસે લોત ગયો, ઈશ્વરે ઇબ્રાહિમને કહ્યું કે હવે સઘળું તેનું જ છે, અને ઈશ્વર તેનો મિત્ર થયો અને દરેક બાબતોમાં તેની સાથે રહ્યો. ઇબ્રાહિમે જે જતું કર્યું હતું તેને ઈશ્વરે અનેકગણું કરી આપીને મોટા આશીર્વાદમાં ફેરવી નાખ્યું. લોતે માત્ર જમીનની એક જ બાજુ જોઈ કે તેનું "મૂલ્ય ઓછું" હતું, તેથી તેણે ફળદ્રુપ સપાટ જમીન પસંદ કરી. તેણે ઇબ્રાહિમને એ જમીન લેવા દીધી કે જે વેરાન હતી! પરંતુ, ઈશ્વર ઇબ્રાહિમની સાથે હતા. તેથી આપણે તકરારને આપણાથી દૂર રાખવાના એક માત્ર ઉદ્દેશથી ઉદાર બનતા શીખવાનું છે, અને આપણે ઈશ્વરના આશીર્વાદો માણી શકીશું.

## નમ્રતા એ નબળાઈ નથી

**ગીતશાસ્ત્ર 37:11**
**નમ્ર લોકો દેશનું વતન પામશે; અને પુષ્કળ શાંતિમાં તેઓ આનંદ કરશે.**

સાચા અર્થમાં નમ્રતા એ શક્તિ છે. બાઇબલ કહે છે નમ્રજનો પૃથ્વીનું વતન પામશે. એક સમાચારપત્રના લખાણ મુજબ નમ્ર લોકો પૃથ્વીનું વતન નહીં પામે. પરંતુ, બાઈબલમાં સ્પષ્ટ કહેવામા આવ્યું છે કે નમ્ર લોકો પૃથ્વીનું વતન પામશે. બની શકે લોકો તે જોવા માટે લાંબુ જીવ્યા નથી. ઈશ્વર ક્યારેય નિષ્ફળ થતાં નથી અને તેમના વચનો સત્ય છે. નમ્ર જનો પૃથ્વીનું વતન પામશે.

## ઝડપથી શાંતિ કરો

**માથ્થી 5:9,25-26**
**9 સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમ કે તેઓ દેવના દીકરા કહેવાશે.**
**25 જ્યાં સુધી તું તારા વાદીની જોડે માર્ગમાં છે, ત્યાં સુધી તેની સાથે વહેલો મળી જા; રાખેને વાદી તને ન્યાયાધીશને સોંપે, ને ન્યાયાધીશ તને સિપાઈને સોંપે, ને તું કેદખાનામાં નંખાય.**
**26 હું તને ખચીત કહું છું કે તું છેલ્લી દમડી ચૂકવીશ નહિ, ત્યાં લગી તું ત્યાથી બહાર નીકળનાર જ નથી.**

**હિબ્રૂ 12:14**
**સઘળાની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ તેણે ધોરણે તમે ચાલો;**

**રોમન 12:28**
**જો બની શકે, તો ગમે તેમ કરીને સઘળા માણસોની સાથે હળીમળીને ચાલો.**

ઈસુએ આપણને સૂચના આપી છે કે આપણાં વિરોધીઓ આપણને ન્યાયાલયમાં લઈ જાય અને ન્યાયાધીશ સજા કરે તે પહેલા ઝડપથી આપણે તેમની સાથે સલાહ કરી લઈએ. આપણે હમેશા શાંતિશોધક, ઉદાર અને જતું કરનાર બનવું જોઈએ. જ્યાં સુધી આપણો હેતુ તકરારને દૂર રાખવાનો છે અને ઉદાર બનીને તે કરી શકીએ છીએ, ત્યાં સુધી ઈશ્વરના આશીર્વાદો આપણાં જીવનમાં વહેતા રહેશે તે નિશ્ચિત છે. ઉદાર બનીને જે ગુમાવી છીએ તે ઈશ્વર તેના આશીર્વાદો થકી અનેકગણું ભરી આપે છે!

## ખોટી બાબતોનો હિસાબ ન રાખશો

લોકો દ્વારા તમારે સાથે જે ખોટી બાબતો કરવામાં આવી છે તેનો હિસાબ ન રાખશો. દાખલા તરીકે, તમે જ્યારે કોઈની સાથે માત્ર સામાન્ય વાતચીત કરતાં હો અને અચાનક તે વ્યક્તિ તમારી પર આરોપ મૂકે કે 25 વર્ષ પહેલા તમે તેનું કઈક ખોટું કર્યું હતું. તમે કદાચ ભૂલી ગયા છો પણ તે વ્યક્તિ ભૂલી નથી. તેને તો ફક્ત દિવસ જ નહિ પણ કઈ બાબત અંગે ખોટું થયું તે, સમય અને બધુ જ યાદ છે.

બાઇબલ કહે છે પ્રીતિ “અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ હિત જોતી નથી, ખીજવતી નથી, અપકારને લેખવતી નથી” (1 લો કોરોન્થી 13:5) પ્રીતિ ખોટા કામનો હીસાબ રાખતી નથી કે બીજાના પાપોને ગણતી નથી. તેથી જો આપણે કજિયમુક્ત જીવન જીવવા માંગીએ છીએ તો, બીજા લોકોની પતિને હમેશા ચોખ્ખી રાખવી જોઈએ! આપણે એ યાદ ન રાખવું જોઈએ કે બીજાઓએ તમારા માટે શું ખોટું કર્યું છે! આમ કરવાથી તકરારને આપણે આપણાં જીવનોથી દૂર રાખી શકીશું.

**નીતિવચન 17:9**
**દોષને ઢાંકનાર પ્રીતિ શોધે છે; પણ અમુક બાબત વિષે બોલ્યા કરનાર ઇષ્ટ મિત્રોમાં અંતર પાડે છે.**

## ઉદરતાથી માફ કરો અને ઝડપથી માફ કરો

**માથ્થી 5:23-24**
**23 એ માટે જો તું તારૂ અર્પણ વેદી પાસે લાવે, ને ત્યાં તને યાદ આવે કે મારા ભાઈને મારે વિરૂદ્ધ કઈ છે,**
**24 તો ત્યાં વેદી આગળ તારૂં અર્પણ મૂકીને જા, પહેલા તારા ભાઈની સાથે સલાહ કાર, ને ત્યાર પછી આવીને**
**તારૂં અર્પણ ચઢાવ.**

ભૂતકાળમાં બની ગયેલ બિનાઓને પુનરાવર્તિત કરવાથી આપણે મિત્રતાનો નાશ કરીએ છીએ અને ગુમાવીએ છીએ. ભૂતકાળને ભૂલી જઈએ અને જતું કરીએ નહીં તો મિત્રતાનું નુકશાન થશે. જો આપણે ભૂલને ઢાંકીએ છીએ, તો તેનો અર્થ એ છે આપણે પ્રેમ પસંદ કરીએ છીએ. આપણે ત્વરિત અને ઉદારતાથી માફ કરવાની જરૂર છે. ઇસુ કહે છે કે જો આપણે પ્રાર્થનામાં ઈશ્વરની પાસે જઈએ છીએ અને આપણને ખ્યાલ આવે છે કે કોઈએ આપણી સાથે કઈક ખોટું કર્યું છે, તો પ્રાર્થના કરતાં પહેલા તેનું સમાધાન કરી લેવું જોઈએ. જેથી જ્યારે ને ત્યારે જ જો કજિયાનું સમાધાન કરીએ છીએ તો આપણે ગમે ત્યારે પ્રાર્થના કરી શકીએ છીએ. એનો અર્થ એ છે કે તરત જ માફ કરી દેવાને બદલે આપણે લાંબો હિસાબ કિતાબ રાખીએ છીએ, આમતેમ ફાંફા મારીએ છીએ, કે જેથી પ્રાર્થના કરતાં પહેલા આપણને માફી મળી જાય. જ્યારે કોઇની

ભૂલ થાય ત્યારે ત્યાં જ માફી આપી દેવી જોઈએ, ભૂલી જાવ, સમાધાન કરી લો, કેસ બંધ કરી દો—પાટી ચોખ્ખી કરી નાંખો! તો આપણે ગમે તે સમયે પ્રાર્થના કરી શકીએ છીએ. જ્યારે પિતર ઇસુની પાસે આવીને પૂછે છે કે, "પ્રભુ, મારો ભાઈ મારી વિરુદ્ધ કેટલીવાર અપરાધ કરે ને હું તેને માફ કરું? સાત વાર સુધી ?" ઇસુ તેને કહે છે, "સાત વાર સુધીનું હું તને નથી કહેતો પણ સિત્તેરગણી સાત વાર સુધી. (માથ્થી 18:21-22)

તે કદાચ પ્રિય શિષ્ય યોહાન હતો કે જે પિતરને ખૂબ હેરાન કરતો હતો, જે પિતર સહન કરી શકતો ન હતો. તેથી તેણે તે અપરાધીનું નામ આપ્યા વગર તે અંગે ઇસુ સાથે ચર્ચા કરવાનું નક્કી કર્યું, તે ઇસુને પૂછે છે કે તેને કેટલા અપરાધ માફ કરી શકાય. ઇસુ જાણતા હતા કે શું બની રહ્યું હતું. તેથી જ્યારે પિતરે પૂછ્યું કે તેણે સાત વાર માફ કરવું જોઈએ, ઇસુ તેને જવાબ આપે છે, "સિત્તેરગણી સાત વાર". બીજા શબ્દોમાં, ઇસુ પિતરને ઉદાર બનીને માફ કર્યા જ કરવાનું કહે છે. આપણે અપરાધોનો હિસાબ રાખવાનો નથી, જો આપણે તેમ કરી શકીએ છીએ તો, લોકો સાથે આપણી તકરાર થવાને કોઈ કારણ જ નથી. કારણ કે બધાને માફી આપવામાં આવી છે!

# શેતાની કામોને બાંધો

**એફેસી 6:12**
**કેમ કે આપણું આ યુદ્ધ રક્ત અને માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દૃષ્ટતાના આત્મિક [લશ્કરો]ની સામે છે.**

ઝઘડો અને મૂંઝવણ શેતાની પ્રવૃતિઓને કારણે પણ થાય છે. જો કે મોટે ભાગે આપણાં જીવનના કજિયાઓ માટે આપણે જ જવાબદાર હોઈએ છીએ, પણ ક્યારેક શેતાન સીધી રીતે આપણાં સબંધોમાં ઝઘડા અને મૂંઝવણો કરાવવા માટે પ્રયત્નો કરે છે! આપણે કશું જ ખોટું કર્યું ન હોવા છત્તા, બીજાઓએ પણ કશું જ ખોટું ન કર્યું હોય તેમ છત્તા આપણાં સબંધોમાં કઈંક ખોટું થઇ રહ્યું હોય તેવું જોવા મળે છે! જે રીતે બનવું જોઈએ તે રીત બનતું હોતું નથી. એ કિસ્સામાં, શેતાન સબંધોને પાયમાલ કરવા પ્રયત્નો કરતો હોય એવી તમામ સંભાવનાઓ

છે. કજિયાનો આત્મા પ્રવેશે છે અને સબંધોને તોડવા પ્રયાસ અકરે છે. આ સમયે આપણે આત્માની તલવાર લઈને ઈશ્વરદત્ત સત્તા થકી સામનો કરવાનો છે! આપણે પ્રભુના વચનો બોલવા થકી સબંધોમાં શાંતિ જાહેર કરવાની છે- જાહેર કરવાનું છે કે આ સબંધો રાજ્ય પ્રેરિત છે જ્યાં ન્યાય, શાંતિ અને આનંદ છે. આપણે હમેશ કહેવું જોઈએ કે, “અમે અમારા સબંધોમાં ક્યારેય તકરાર કે ભાગલાને પ્રવેશ કરવા દઇશું નહીં” તકરારના આત્માને ઈશ્વર પ્રેરિત અધિકારથી આપણાં સબંધોથી દૂર રાખી શકીએ છીએ. કાયમી શાંતિ બનાવી રાખવા માટે આમ કરવું જરૂરી છે.

## પડકાર

## વ્યક્તિગત રીતે

**રોમન 13:12-14**
**12 રાત ઘણી થઈ ગઈ છે, દિવસ પાસે આવ્યો છે; માટે આપણે અંધકારના કામો તજી દઈને પ્રકાશના હથિયારો સજીએ.**
**13 દિવસે જેમ ઘટે તેમ આપણે શોભતી રીતે વર્તીએ; મોજશોખમાં તથા નિશામાં નહીં, વિષયભોગમાં તથા લંપટપણામાં નહીં, ઝઘડામાં તથા અદેખાઈમાં નહીં.**
**14 પણ તમે પ્રભુ ઇસુ ખ્રિસ્તને પહેરી લો, અને દેહને માટે, એટલે તેની દુષ્ટ વાસનાઓને અર્થે, ચિંતન ન કરો.**

વ્યક્તિગત રીતે, આપણને કહેવામા આવ્યું છે કે તકરારને આપણાં જીવનમાથી દૂર રાખીએ. દિવસ પાસે આવ્યો છે! તેથી અંધકારના કામોઠિ ભાગીએ અને પ્રકાશના હથિયારો સજીએ. આ કેવી રીતે કરીશું? પ્રભુનું વચન કહે છે આપણે શોભતી રીતે ચાલીએ. શોભતી રીતે ચાલવું એટલે શું? એ રીતે ચાલવું કે જાણે આપણે દિવસે ચાલતા હોઈએ, તકરાર સહિત બધા અંધકારના કામોથી પર. આપણે દિવસના લોકો છીએ નહી કે રાત્રિના. આપણે શોભતી રીતે ઇસુને પહેરીને ચાલવાનું છે. આપણે દરેક કજિયામુક્ત જીવન પસંદ કરી શકીએ છીએ. આપણાં મિત્રો, પાડોશીઓ અને જેઓની સાથે જીવીએ છીએ તેમની સાથે તકરાર થવાની પૂરી શક્યતાઓ છે. દાખલા તરીકે, આપણાં પાડોશી મોટા આવજે સંગીત વગાડે, તો આપણે વધુ મોટા અવાજે વગાડીએ. તકરાર થાય તે પ્રકારે કોઈ પણ રીતે પ્રત્યાઘાત આપવાથી બચવું જોઈએ.

આપણ દરેકને માટે એ પડકાર છે! આપણે આપની જાતને કહ્યા જ કરવાનું છે, "ચાહે ગમે તે થાય, બીજા જે કહે કે કરે, તકરારની ગમે તેટલી તકો સામે આવે, આપણે તો તકરારથી મુક્ત જીવન જ જીવીશું."

## મંડળી તરીકે

**ગીતશાસ્ત્ર 133:1-3**
**1 ભાઈઓ સંપસંપીને રહે તે કેવું સારૂ તથા શોભાયમાન છે!**
**2 તે માથે ચોળેલા, દાઢી સુધી, હા, હારૂનની દાઢી સુધી અને તેના વસ્ત્રની કોર સુધી, ઉતરેલા મૂલ્યવાન તેલ જેવુ છે;**
**3 વળી તે હેર્મોન પર્વત પરના તથા સિયોનના પર્વતો પરના ઝાકળ જેવુ છે; કેમ કે યહોવાએ ત્યાં આશીર્વાદ, એટલે અનંતકાળનું જીવન, ફરમાવ્યું છે.**

આપણી મંડળીઓમાં પણ તકરારને સ્થાન ન હોવું જોઈએ. જ્યાં શૂન્ય તકરાર છે ત્યાં, આપણે ઈશ્વરના અભિષેક અને તાજગીને અનુભવીશું. ત્યાં ઝાકળ હશે, તેથી જીવન, આશીષ અને શાંતિ પણ હશે. મંડળી આવી હોય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણી છે! આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે મંડળીના લોકો તરીકે આપણે તકરાર વગરના છીએ- જ્યાં દરેક દરેક પ્રેમ, શાંતિ અને ભાઈચારમાં ચાલે છે. જો કોઈ મુદ્દો ઊભો થાય છે તો તરત જ તેનું સમાધાન કરીએ, માફ કરીએ, ભૂલી જઈએ અને અને તેનું પુનરાવર્તન ન કરીએ! સારી બાબતોનો જ હિસાબ રાખીએ જેમ કે સફળતા, પરિપૂર્ણ કરેલ બાબતો વિગેરે વિગેરે. નકારાત્મક વાતો અને

નિષ્ફળતાઓને ભૂલી જઈએ. લોકોની ખામીઓએ ભૂલી જઈએ અને ભૂંસી નાખીએ. કારણ કે બાઇબલ કહે કે ઈશ્વરે આપણાં પાપોને દરિયામાં ફેંકી દીધા છે જેથી તેને યાદ કરવામાં ન આવે! જો પ્રભુ આપણાં પાપોને યાદ કરતાં નથી, તો શ માટે આપણે તેમણે યાદ કરવાની તસ્દી લેવી જોઈએ? આપણાં યાદશક્તિને કોઈ હકારાત્મક બાબતો વિષે ઉપયોગમાં લેવી જોઈએ!

# 5. પસ્તાવો અને પ્રાર્થના

આપણે ઘણા લોકો એવી બાબતો કરીએ છીએ જે તકરાર પ્રેરિત હોય છે! આપણે તે બદલી શકીએ છીએ! પ્રાર્થના: "પ્રભુ, તમારી હજૂરમાં ઊભો છું, મારા હરદાયને નમ્ર બનવું છું. મને ખ્યાલ આવે છે કે હું એવી ઘણી બાબતો કરું છું જેથી તકરાર થાય. પરંતુ, હું તે બદલવા માંગુ છું!"

આપણામાંના એવા લોકો માટે જેઓ બોલવામાં ભાન રાખી શકતા નથી – એવું બોલી નાખીએ છીએ જેથી અન્યોને દુખ થાય, જેથી આપણે ઘણા બધા મિત્રો ગુમાવીએ છીએ, આપણે પ્રાર્થના કરી શકીએ, "પ્રભુ, હું મારા દ્વારા બોલવામાં આવતા શબ્દો પ્રતિ કાળજી રાખવા માંગુ છું".

આપણામાં ઘણા બધા તીવ્ર ગુસ્સાવાળા હશે, તીવ્ર ગુસ્સાને કારણે નિયંત્રણ ગુમાવી બેસીએ છીએ. પરંતુ, દેવનું વચન કહે છે કે જો આપણે ક્રોધ પર કાબૂ રાખી શકીએ છીએ તો આપણે શહેર જીતનારના કરતાં સારા છીએ. પ્રભુની પાસે માંગો: "પ્રભી મને કૃપા આપો કે હું મારા આવેશને પવિત્ર આત્માના આધિપત્ય હેઠળ લાવી શકું. મને સક્ષમ બનાવો કે હું અપમાનને અવગણી શકું કારણ કે જ્યાં સુધી હું નકારાત્મક પ્રતિસાદ નહીં આપું ત્યાં સુધી હું કોણ છું તે બદલાતું નથી. જ્યારે કોઇ અયોગ્ય રીતે બોલે ત્યારે પણ, પ્રભુ, મને કૃપા આપો કે હું નમ્રતાથી પ્રતિસાદ આપી શકું. મને કૃપા આપો કે મારૂ હઠીલાપણું ત્યજીને જે બાબતો તકરાર કરાવે છે તે પ્રત્યે હું ઉદાર બનીને જતું કરી શકું. જ્યારે તકરાર મારા જીવનમાથી જશે ત્યારે જ આશીર્વાદો આવશે. પ્રભુ! મારા જીવનમાં એવું બદલાણ લાવો કે હું સંપૂર્ણ તકરાર મુક્ત જીવન જીવી શકું."

આપણામાં ઘણાની યાદશક્તિ એટલી સારી હશે લોકો દ્વારા કરવામાં આવેલ ખોટી હરકતોને સારી રીતે યાદ રાખી હશે. પ્રભુની પાસે માંગો: "પ્રભુ, હું માંગુ છું કે લોકો દ્વારા મારા માટે કરવામાં આવેલ ખોટી બાબતોને જતી કરી શકું તે માટે મારી યાદદાસ્તને ભૂંસી નાખો અને

મને શુદ્ધ કરો.”

પતિઓ અને પત્નીઓ! દરેક લગ્નજીવનમા કજિયા કંકાશને હમેશા તક હોય છે. એ આપણી ફરજ છે કે દરેક દિવસના અંતે કહીએ કે હું મારા જીવનસાથીની પાટી ચોખ્ખી કરૂં છું અને જે કઈ બન્યું તે ભૂલી જાઉ છું. પ્રાર્થના કરોઃ પ્રભુ, અમારામાં કાર્ય કરો અને અમારા હૃદયોમાં બદલાણ લાવો.”

પસ્તાવો અને પ્રાર્થનાને પરિણામે, લાંબા સમયથી તૂટેલા સબંધોમાં ઉપચાર અને સુધારો થશે. આપણાં હૃદયોમાં શાંતિ, ભાઈચારો અને સાચી સમજણ સ્થાપિત થશે એટલું જ નહીં પણ આપણાં સબંધોમાં મધુરતા આવશે.  કેમ કે ઈશ્વરે આપણાં હૃદયોને બદલ્યા છે તો ઈશ્વરે કરેલા એ કાર્યને તૂટેલા સબંધોને સાંધવા દો, પુનઃ સ્થાપિત થવા દો,  અને શાંતિ અને આનંદ લાવવા દો!

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહબાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church
Account Number: 0057213809
IFSC Code: CITI0000004
Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

***વિશેષ નોધ:*** ઓલ પીપલ્સ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/giveની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો.

**આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત કરે!**

# FREE PUBLICATIONS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don’t Compromise Your Calling*
Don’t Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God’s Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God’s Word
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don’t Take Them
Open Heavens*
Our Redemption
Receiving God’s Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father’s Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner’s Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ **apcwo.org/books.** પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.orgપત્ર દ્વારા મંગાવી શકો છો.
*ફક્ત pdfફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ **apcwo.org/sermons.**દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચનને કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ ચર્ચ)સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરોન્થી ૨:૪-૫; હિબ્રુ ૨:૩-૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locationsસંપર્ક કરી શકો છો અથવા **contact@apcwo.org** પર પત્ર લખી શકો છો.

# તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા ઇસુ શરીરમાં ઈશ્વર હોવાને કારણે, તેમણે જે કહયુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે બતાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જ્ગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે, “પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.” (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હ્રદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*


*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*

# DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
# બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને  શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

**સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00** દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને **અરજી કરવા** માટે કૃપા કરી apcwobiblecollege.org ની મુલાકાત લેશો.

APC-BC is accredited by the Nations Association for Theological Accreditation (NATA).

જીવનમાં, તમામ પ્રકારની હરકતો ઠોકરરૂપ બની શકે છે.  આપણે એકવાર ઠોકરને આપણાં પર હાવી થવા દઈએ છીએ ત્યારે તે આપણાં અંતરમાં એક કરતાં વધુ રીતે અસરો ઉપજાવે છે જેની આપણે કલ્પના પણ કરી હોતી નથી. વ્યક્તિ અપરાધભાવને કારણે તદ્દન બુધ્ધિહીન અને ચરિત્રહીન રીતે વિચારે છે, બોલે છે અને વર્તન કરે છે.  આજ બાબત જ્યારે મંડળીકીય જીવનમાં, પ્રભુના લોકો મધ્યે બને છે ત્યારે ખૂબ જ દુ:ખજનક બાબતો બને છે!

બાઇબલ આ સંબંધી શું કહે છે? ઠોકરરૂપ બાબતોનો આપણે કેવી રીતે પ્રતિભાવ આપવો જોઈએ? જ્યારે જ્યારે આપણે આવી ઠોકરોનો સામનો કરીએ છીએ અને જે નકારાત્મક બાબતો આપણી પર હાવી થાય છે ત્યારે આપણે કેવું વર્તન કરીએ છીએ? આશા રાખું છું કે આ નાની સરળ અભ્યાસપુસ્તિકામાં, આપણને એવા પ્રશ્નોનાં સરળ જવાબ મળી રહેશે અને જાણવા મળશે કે ઠોકરોથી સંપૂર્ણપણે મુક્ત કેવી રીતે થઇ શકાય?

હંમેશા આવનાર ઠોકરો ઉપર વિજયી બનીએ.

ઈશ્વર આશિષ આપો

આશિષ રાયચુર

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org